

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર

# પરજિયા સોની સંદેશ

સર્વોનું... સુવર્ણ ગૌરવ

Email: sonisandesh1@gmail.com

વર્ષ : ૩૩ અંક : ૯ પાના : ૨૪ તંત્રી : ભરત કે. સતિકુંવર સપ્ટેમ્બર ૨૦૨૨ મૂલ્ય : રૂ.૧૨/-



## નવરાત્રી ની
## હાર્દિક શુભેચ્છા

॥ જય શ્રી રાંદલ મા ॥

સ્વ. ઓધવજીભાઇ જેઠાભાઇ વાયા અને તેમના ધર્મપત્ની
સ્વ. જશોદાબેન ઓધવજીભાઇ વાયા (નાંદુરી) ના પુણ્ય સ્મરણાર્થે



સ્વ.જશોદાબેન ઓધવજીભાઇ વાયા



સ્વ.ઓધવજીભાઇ જેઠાભાઇ વાયા

'સોની સંદેશ' નિભાવ ફંડના મુખ્ય દાતા





સ્વ.ગોરધનદાસ ઓધવજીભાઇ વાયા



સ્વ.મગનભાઇ ઓધવજીભાઇ વાયા



OM ALANKAR™
JEWELLERS
Wedding collection 2022
Everything Auspicious
Emotions crafted
into priceless jewellery
Kundan & Polki
jewellery spotlight
Shop No. 11 Aura Biplex Ramnagar Lane
Opp Leela Petroleum Borivali West
omalankarjewellers999@gmail.com
@omalankarjewellers
2866 3333/4444
+91 9136122916

|| શ્રી ગણેશાય નમઃ ||

## શુભ વેવિશાળ પ્રસંગે હાર્દિક અભિનંદન



પૂ. શ્રી કુળદેવી માતાજી અને શ્રીનાથજી બાવા તેમજ પૂ.શુરા પુરા દાદાની  અસીમ કૃપાથી અને વડીલો ના આશીર્વાદથી દુબઈ નિવાસી સ્વ.ચંદ્રકાન્તભાઇ ગિરધરભાઇ ધાણક તથા ગં.સ્વ.જસવંતીબેન ચંદ્રકાન્તભાઇ ધાણક (બગસરા) ના પૌત્ર તથા શ્રીમતિ ચેતનાબેન અને પરેશભાઇ ધાણક ના સુપુત્ર

**ચિ. સૂરજ** સંગ **ચિ. અમિષા**

ની સગાઇ સુરત નિવાસી શ્રી બાલુભાઇ ગિરધરભાઇ ધકાણ અને શાંતાબેન બાલુભાઇ ધકાણ (મોટા ઝીંઝુડા)  ની પૌત્રી તથા શ્રીમતી તેજલબેન (રશ્મિ) જીતુભાઇ ધકાણની સુપુત્રી સાથે ભાદરવા સુદ ૧૩ ને ગુરુવાર  તા.૦૮/૯/૨૨ ના શુભ દિવસે સુરત મુકામેં, ગળ્યા પાણી તેમજ શ્રીફળ વિધિ કરી.

# શ્રી સુવર્ણ ચેરીટેબલ ટ્રસ્ટ



શ્રીમતી કાંતાબેન જમનાદાસભાઇ જગડા પરિવાર તરફથી હોસ્પિટલના બાંધકામ તથા મશીનરી માટે રૂ એક કરોડ એક લાખ (૧,૦૧,૦૦,૦૦૦) ની માતબર રકમ દાનસ્વરૂપે અર્પણ કરેલ છે. હોસ્પીટલનો એક ફલોર (માળ) જગડા પરિવાર તરફથી જે નામ સૂચન કરવામાં આવશે તે નામ આપવામાં આવશે.

## જગડા પરિવારનો ખૂબ ખૂબ આભાર




ॐ नमो भगवते वासुदेवाय नमः




## સમસ્ત પરજીયા સોની સમાજ દ્વારા અયોજીત

## સમસ્ત સોની જ્ઞાતીના પિતૃના મોક્ષઅર્થે

# ભાગવત સપ્તાહ



કથા પ્રારભ
તારીખ: ૧૬–૧૧–૨૦૨૨

કથા વિરામ
તારીખ: ૨૨–૧૧–૨૦૨૨

કથા સમય: સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને સાંજે ૩:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી

: શ્રી કૃષ્ણ જન્મોત્સવ :
તા. ૧૯.૧૧.૨૦૨૨ (સાંજે ૫.૩૦ કલાકે)



કથા વક્તા : ભાગવતાચાર્ય શ્રી કશ્યપભાઈ શાસ્ત્રીજી
(મોટા ભાડીયા)

**નિમંત્રક : સમસ્ત પરજીયા સોની સમાજ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| નરેનભાઈ આર. ધકાણ | (માંડવી-કચ્છ) | ૯૮૨૫૪૨૭૩૮૧ | રમણીકભાઈ વી. ચલ્લા | (જુનાગઢ) | ૯૯૭૯૧૮૪૭૫૫ |
| દિનેશભાઈ એસ. વાચા | (ભુજ-કચ્છ) | ૯૫૩૭૩૫૦૪૮૮ | રેણુકાબેન જે. ચલ્લા | (પટેલકા) | ૯૭૧૪૪૩૪૪૮૭ |
| દિનેશભાઈ એમ. ધકાણ | (નાનીખાખર) | ૯૯૧૩૮૪૩૭૧૦ | મુકેશભાઈ થડેશ્વર | (અમદાવાદ) | ૮૦૦૦૧૩૧૮૬૨ |
| ભરતભાઈ કે. સતીકુવર | (મુંબઈ) | ૯૫૮૮૩૨૮૮૩૨ | રમેશભાઈ પરસોતમ થલેશ્વર | (માંડવી-કચ્છ) | ૯૪૨૬૪૫૭૯૧૩ |
| કુમારભાઈ જે. ધાણક | (રાજકોટ) | ૮૦૦૦૮૧૪૪૪૮ | દિનેશભાઈ થલેશ્વર | (સુરત) | ૯૯૭૯૯૧૨૫૫૭ |
| પિયુષભાઈ એમ. સાગર | (વેરાવળ) | ૯૮૨૫૪૨૭૩૮૧ | રમેશભાઈ થલેશ્વર | (માંડવી-કચ્છ) | ૭૦૧૬૫૯૪૯૯૮ |

**સ્થળ : સોનારાનું સુખપર, ટીબો, નાની ખાખર તા. મુન્દ્રા કચ્છ**



## સમુહ લગ્ન

૩૦મા સમુહ લગ્નનું આયોજન તા. ૦૯–૧૨–૨૦૨૨ ને શુક્રવારના રોજ સોનીવાડી ખાતે કરવામાં આવેલ છે.

## મહાઅષ્ટમી હવન

આસો સુદ ૮, સોમવાર ૦૩-૧૦-૨૦૨૨ ના રોજ મહાઅષ્ટમી હવનનું આયોજન સોનીવાડી બોરીવલી ખાતે કરવામાં આવેલ છે તો જે કોઇને હવનમાં બેસવાનો લાભ લેવો હોય તેમને સોનીવાડી ઓફીસમાં નામ નોંધાવવા વિનંતી

હવના નો સમય
સવારે ૯.૩૦ કલાકે થી સાંજે ૪.૦૦ કલાકે
બીડું હોમાશે.



શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

**પરજિયા સોની સંદેશ**

તંત્રી :
**ભરત કે. સતિકુંવર**

❖

**પ્રકાશન સ્થળ**
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૪૦૦ ૦૯૨.

❖

**મુખપત્રના માલિક**
**શ્રી મુંબઈ ઉપનગર**
**પરજિયા સહકારી સોસાયટી**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૯૨.
ફોન : 022-2898 3905
022-2899 9097
ફોન : +91-93244 35547
Email: sonisandesh1@gmail.com

❖

**મૂલ્ય : રૂા. ૧૨.૦૦**

❖

**મુદ્રણ સ્થાન**
**નવકાર કોમ્પ્યુટર્સ**
દુકાન નં. ૯, ગુલમોહર સોસાયટી,
હરીશંકર જોશી રોડ,
દહિસર (ઈસ્ટ),મુંબઈ – ૬૮

**આજીવન લવાજમના દરો :**
**ભારતમાં : રૂા. ૫૦૦/–**
**વિદેશમાં : રૂા. ૩૫૦૦/–**
લવાજમ તેમજ જાહેરાતના ચેક **'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી'** (Shree Mumbai Upnagar Parajiya Sahakari Society) ના નામે મોકલવા.


# આ અંકમાં વાંચશો...


- તંત્રીના સથવારે...
- એક કવિતા – ચલો સાથે ચ્હા પીએ
- સુંદર વાસ્તુ
- શેર બજાર
- સંસ્કાર વગરનું શિક્ષણ વ્યર્થ છે
- અવસર ને એકતા યજ્ઞ માં...
- શ્રી મહાજન સેવા ટ્રસ્ટ
- જુની પ્રીત
- નવરાત્રી મહોત્સવ ૨૦૨૨
- શ્રદ્ધાંજલી


## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબધ્ધ છીએ.

– કારોબારી કમિટિ

'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી–લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

**★ એજ્યુકેશન ફંડ ★**

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

**★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★**

શ્રી બાબુભાઈ શામળાદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ
શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા–દુબઈ)

**★ આર્થિક સહાય ★**

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

**★ કાયમી દાતા ★**

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

**★ સમૂહ લગ્ન ★**

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

**★ વિકલાંગ સહાય ફંડ ★**

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ

**★ નેત્રબિંદુ સહાય ફંડ ★**

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

**★ મેડીકલ સહાય ફંડ ★**

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

**★ સોની સંદેશ નિભાવ ફંડ ★**

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાયા

**★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★**

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

**★ આકસ્મીક સહાય ફંડ ★**

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર

વધુ વિગત માટે સંસ્થાની બેલેન્સ શીટમાં વર્ણવેલ મર્જર અકાઉન્ટ ને ધ્યાનમાં લેશો.

તંત્રીના સથવારે...

## શૈક્ષણિક સન્માન સમારંભનું મહત્વ...

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી દ્વારા ૩૩માં શૈક્ષણિક સન્માન સમારંભનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેને સફળ બનાવવા માટે પ્રમુખશ્રી વિજયભાઈ સતીકુંવર અને ઉપપ્રમુખશ્રી જમનાદાસભાઈ ધકાણના માર્ગદર્શનમાં સર્વે સમિતિ સદસ્યો અને સોની યુથ ગ્રુપના દ્વારા અથાગ મહેનત કરવામાં આવી હતી. ત્યારે વાલીઓએ એક વાત જવાબદારીપૂર્વક સમજવી રહી કે આ શૈક્ષણિક સમારંભ ફકત ને ફકત સમાજના નાના બાળકો થી મોટા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપવા માટે આયોજીત કરવામાં આવે છે.

શૈક્ષણિક સન્માન સમારોહની તારીખ લગભગ ત્રણ મહિના પહેલા જાહેર કરવામાં આવે છે. તે સાથે જ ફી લેવા આવતા વાલીઓને જાણકારી અને ફોર્મ આપવામાં આવે છે. તો પછી સમય મર્યાદા પૂરી થયા પછી અનેક વાલીઓ ફોર્મ લેવા આવે છે. યોગ્ય કારણોસર તારીખ ચુકાઈ તે સમયજાય છે. પરંતુ જાણીકરીને ચુકાય તે યોગ્ય નથી.

આપણા સમાજ અગ્રાણીઓ દાતાશ્રીઓ અને ધારાસભ્ય યોગેશભાઈ સાગર સહિત બહારગામથી મહેમાનો વ્યસ્તતા વચ્ચે સમય ગોઠવી હાજરી આપતા હોય ત્યારે જેમને ઈનામ લેવાનું હોય તેમની ગૈરહાજરી અનેક સવાલો ઉભા કરે છે. ઈનામ મેળવવું જીવનની એક યાદગાર પળ હોય છે. પરંતુ એ ત્યારે જયારે તમે તેનું મહત્ત્વ સમજો. સોની યુથ ગ્રુપમાં પણ વિદ્યાર્થીઓ અને ઓફીસમાં જતા આપણો સમાજનો યુવાવર્ગ જ કાર્યરત છે. તેઓ પણ સમય સાચવે છે. ફકત આવનારી પેઢીને પ્રોત્સાહીત કરવા હેતુ.

સમાજ પ્રત્યે સંસ્થાની જે ફરજ છે તે સંસ્થા પૂરે પૂરી નિભાવવા માટે પ્રયત્નશીલ છે. પરંતુ દરેક જ્ઞાતિજનોની પણ સંસ્થા પ્રત્યે ફરજ છે તે યાદ રાખવું ઘટે.

*– ભરત કે. સતીકુંવર*

## –: અગત્યની સુચના :–

'સોની સંદેશ' ના સભ્યોને જણાવવાનું કે સોનીવાડી કાર્યાલયમાંથી દર મહિનાની ૨૦ તારીખે 'સોની સંદેશ' પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. જે સભ્યોને 'સોની સંદેશ' મેળવવામાં મુશ્કેલી આવી હોય તેમણે તેમના વિસ્તારની પોસ્ટ ઓફિસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી.

---

દરેક જ્ઞાતિબંધુઓ સહિત સંસ્થાઓને વિનંતી સાથે જણાવવાનું કે આપના તરફથી 'સોની સંદેશ' માં પ્રસિધ્ધ કરવા જે વિગતો આપવામાં આવે છે તે આપની સંસ્થાના લેટર પેડ ઉપર સ્વીકારવામાં આવશે તેમજ પ્રાસંગિક ફોટો કે લખાણ વોટસેપ ઉપર સ્વીકારવામાં આવશે નહી જેની નોંધ લેશો.

## એક કવિતા – ચલો સાથે ચ્હા પીએ

થોડી સુખની અને થોડી દુઃખની વાતો કરીએ
થોડી અમારી અને થોડી તમારી મીઠી મજાની
ગપશપ કરીએ
ચલો સાથે ચ્હા પીએ .......................

માનો તો વ્યસન છે ન માનો તો સાથી
ચ્હાની ચુસ્કી લેતા લેતા
દુઃખને તનાવને હરાવીએ
ચલો સાથે ચ્હા પીએ .......................

ખૂબ જામશે આ મહેફીલ,
જયારે મળશે ચાર મિત્રો
અથવા ચાર સહેલીઓ
ચલો સાથે ચ્હા પીએ .......................

નથી વાંધો ચ્હાને વ્યસન કહેવામાં,
ચ્હાને બહાને મળવાનુ થાય છે ને
ચ્હા પોતે પણ કયા એકલી હોય છે
સાથે નાસ્તાને પણ રાખે છે

અને તેથી જ તો કહેવાય છે
''હાય ટી''
માટે જ કહું છું
ચલો સાથે ચ્હા પીએ .......................

– નિતા જયપ્રકાશ સુરૂ

ઈશ્વરે બનાવેલ આ સૃષ્ટિ
ખજાનાથી ભરેલી છે. પણ ચોકીદાર
એક પણ નથી,સિસ્ટમ એવી ગોઠવી કે
આ દુનિયામાં અબજો માણસો જન્મે
અને મૃત્યુ પામે પણ કોઈ અહીંયાથી
એક સળી પણ લઈ જઈ શકે નહી,
ખાલી હાથે આવે અને
ખાલી હાથે જાય

## સુંદર વાસ્તુ



**જીવંત માણસનો ફોટો કેવો હોવો જોઈએ?**

જીવંત માણસનો ફોટો હંમેશા લેમીનેશન કરેલો હોવો જોઈએ અને અંદરનો ફોટો હંમેશા હસતો હોવો જોઈએ. તેમા પાછળના બેકગ્રાઉન્ડનો કલર લાલ, સફેદ, ક્રીમ, સીલ્વર, ગોલ્ડન રાખવાથી ખૂબ સારૂ પરિણામ આવે છે.

**જીવંત માણસનો ફોટો જો દક્ષિણિ દિશામાં રાખવામાં આવે તો શું પરિણામ આવે છે?**

જીવંત માણસનો ફોટો જો દક્ષિણિ દિશામાં રાખવામાં આવે તો તેમનુ સ્વાસ્થય ખૂબજ સારૂ રહે છે અને શરીર હષ્ટપુષ્ટ અને તંદુરસ્ત રહે છે.

**જીવંત માણસનો ફોટો જો પશ્ચિમ દિશામાં રાખવામાં આવે તો શું પરિણામ આવે છે?**

જીવંત માણસનો ફોટો જો પશ્ચિમ દિશામાં રાખવામાં આવે તો તેનાથી સારી ઉર્જા મળે છે. તેમજ તેનુ શરીર ખુબજ તંદુરસ્ત રહે છે.

**જીવંત માણસનો ફોટો જો ઉત્તર અથવા પૂર્વ દિશામાં રાખવામાં આવે તો શું પરિણામ આવે છે?**

જીવંત માણસનો ફોટો જો ઉત્તર અથવા પૂર્વ દિશામાં રાખવામાં આવે તો તેનું સ્વાસ્થય નબળુ પડે છે. આ દિશામાં મૃતક વ્યક્તિના ફોટા મુકવામાં આવે છે. તેથી ઉત્ તર અથવા પૂર્વ દિશામાં જીવંત માણસનો ફોટો મુકવાથી જીવંત વ્યક્તિને નકારાત્મક ઉર્જા પ્રાપ્ત થાય છે. દા:ત જો કોઈ સ્ત્રીનો ફોટો ઉપર જણાવેલ દીશામાં મુકવામા આવે તો સુંદર, ખુબસુરત સ્ત્રીનુ સ્વાસ્થય ખરાબ થાય છે. અને નાદુરસ્ત રહે છે. તે માટે હંમેશા જીવંત વ્યકિતના ફોટા પૂર્વ તથા ઉત્તર તરફ ન રાખવા જોઈએ.

નોટ : આ ફક્ત ને ફક્ત સુંદર વાસ્તુ પરિવારનુ નિરીક્ષણ છે તેને બીજા કોઈ નિયમો સાથે સરખાવવુ નહી.

– ડૉ. નિલેશ એન. શાહ
મોબાઈલ : 9821148571

# શેર બજાર




**નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ આઉટલુક અને વિશ્લેષણઃ** ટેક્નિકલ રીતે દૈનિક ચાર્ટ પર આપણે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ માટે ૧૭૩૫૦ના સ્તરે ડાઉનસાઈડ પર નજીવો સપોર્ટ જોવા મળે છે, જ્યારે અપસાઈડ પર નજીવો પ્રતિકાર ૧૭૭૫૦ - ૧૭૮૦૦ના સ્તરની આસપાસ મર્યાદિત છે.

જો નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ડાઉનસાઈડ પર નાના સપોર્ટનો ભંગ કરે છે અને તેની નીચે બંધ થાય છે, તો નિફ્ટી તૂટેલી જોઈ શકીએ છીએ અને ઈન્ડેક્સ ૧૭૧૦૦ ની આસપાસ નીચલી બાજુના મુખ્ય સપોર્ટ તરફ ખેંચી શકે છે અને જો અપસાઈડ પર નાના પ્રતિકારનો ભંગ કરે છે અને તેની ઉપર બંધ થાય છે, તો અમે તાજી જોઈ શકીએ છીએ. બ્રેકઆઉટ અને ઈન્ડેક્સ ૧૮૦૦૦ની આસપાસ ઊંચા સ્તરો તરફ જઈ શકે છે.

હાલમાં નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૨૦૦ દિવસની મૂવિંગ એવરેજથી ઉપર ટ્રેડ કરી રહ્યો છે અને સૂચવે છે કે લાંબા ગાળાનો ટ્રેન્ડ બુલિશ છે. ઈક્વિટી ટેક્નિકલ વિશ્લેષક આગાહી કરે છે કે સપ્તાહ માટે રેન્જ ડાઉનસાઈડ પર ૧૭૧૫૦ અને અપસાઈડ પર ૧૭૯૦૦ જોવા મળે છે.

**નિફ્ટી ઈન્ડેક્સ માટે સપોર્ટ અને રેઝિસ્ટન્સ :**

રેઝિસ્ટન્સ ૨ = ૧૮,૧૦૫ / રેઝિસ્ટન્સ ૧ = ૧૭,૮૨૨

સપોર્ટ ૧ = ૧૭,૨૧૧ / સપોર્ટ ૨ = ૧૬,૮૮૨

બજારમાં આજે ગુરૂવાર તા. ૧૫-૦૯-૨૦૨૨ કન્સોલિડેશનનો દિવસ રહ્યો. બજારમાં વેચવાલીનું દબાણ રહ્યું અને સેન્સેક્સ નિફ્ટી ઘટીને બંધ થયા. શરૂઆતી તેજીને બજાર કાયમ ન રાખી શક્યું. સેન્સેક્સ ૪૧૩ પોઈન્ટ ઘટ્યો તો નિફ્ટી ૧૨૬ પોઈન્ટ ઘટીને ૧૭,૮૭૭ પર બંધ થયો. જો કે ઘટાડા પછી આજે બેન્ક નિફ્ટીએ નવો હાઈ બનાવવામાં સફળ રહી. આજે ઓટો અને મેટલ શેરોમાં ખરીદી જોવા મળી તો આઈટી અને ફાર્મા શેર બીજા દિવસે વેચવાલીનો શિકાર બન્યા.

**– ગાયત્રી કન્સલટન્ટ (મોબાઈલ : 9869007800)**
**STOCK MARKET TRAINING INSTITUTE**

Disclaimer : The recommendations made herein do not constitute an offer to sell or a solicitation to buy any of the securities. Readers using the information contained herein are solely responsible for their actions. Information is obtained from sources deemed to be reliable but is not guaranteed as to accuracy and completeness.

# સંસ્કાર વગરનું શિક્ષણ વ્યર્થ છે

દિક્ષિતભાઈ પોતાના પરિવાર સાથે બહાર જવાની તૈયારી કરી રહયા હતા. તેવામાં તેમના મિત્ર હસમુખભાઈ તેમને મળવા આવ્યા. વાતાવરણ જોઈને તેમને લાગ્યુ કે તેમના મિત્ર પરિવાર સાથે બહાર જઈ રહયા છે.

હસમુખભાઈ : લાગે છે કે હું ખોટા સમયે આવી ગયો છું લાગે છે તમે બહારગામ જઈ રહયા છો ?

દિક્ષિતભાઈ : હા, હું મારા પરિવાર સાથે વૃધ્ધાશ્રમ જઈ રહયો છુ.

હસમુખભાઈ - અચાનક વૃધ્ધાશ્રમ કેમ ? આજે કોઈની તિથી છે કે જન્મદિવસ છે ?

દિક્ષિતભાઈ : ના, ના એવું નથી આજની વૃધ્ધાશ્રમની મુલાકાત મારા સંતાનો માટે રાખી છે. મારા દીકરા દીકરીએ ભણીને ડિગ્રી લઈ લીધી છે. પુસ્તકનું જ્ઞાન તો એમણે મેળવી લીધુ છે. પણ સંસારનું સાચુ જ્ઞાન હજી મેળવવાનું બાકી છે. શિક્ષકો ઓ એમની જવાબદારીઓ તો પૂરી કરી દીધી છે, પણ મા-બાપ તરીકેની અમારી જવાબદારી બાકી છે. આજના ભણેલા ગણેલા મોટા ભાગના યુવાન - યુવતીઓને સાંસારિક જવાબદારીઓ પૂરી કરવામાં જરા પણ રસ નથી હોતો. તેમને તો બસ મુકત પંખીની જેમ સ્વપ્નના આકાશમાં ઉડવાનું ગમે છે. કારણકે તેમની માન્યતા હોય છે કે તેઓ ભણેલા હોય છે એટલે જીવનમાં આવતી જવાબદારીઓ અને તકલીફો સહન કરવાની તેમણે કઈ જ!ર નથી.

જીવનમાં એકવાર ભણતર નહી હોય તો ચાલશે પણ સમજદારી સહનશકિત અને જવાબદારીનું જ્ઞાન હોવું જરૂરી છે. આજના સંતાનો ભણીને ડિગ્રી તો મેળવી લે છે. પણ સમજણ અને સંસ્કારનો અભાવ રહી જાય છે. મેં જોયું છે કે મોટા ભાગના ભણેલા યુવાન - યુવતીઓ ને પોતાના મા -બાપની જવાબદારી ગમતી નથી. તેથી તેઓ તેમના મા - બાપ ને વૃધ્ધાશ્રમમાં મુકી આવતા હોય છે.

હસમુખભાઈ - તમારી વાત તો સાવ સાચી છે. છોકરાઓ મોટા થઈ જાય પછી એમને પોતાના જ મા - બાપ નડતરરૂપ લાગતા હોય છે.

દિક્ષિતભાઈ : એમની આવી સમજણ પાછળ કયાંક ને કયાંક દોષ તો આપણો જ હોય છે. મારા સંતાનો ને હું વૃધ્ધાશ્રમમાં એટલે જ લઈ જાવ છું કે ત્યા રહેતા વૃધ્ધ મા - બાપની પરિસ્થિતી તેઓ જુએ તો તેમને ખ્યાલ આવે કે મા - બાપ ઘરડા થઈ જાયતો તેમની સેવા કરવી જોઈએ. આપણા સંતાનોને આપણે ભણવાની સારામાં સારી સુવિધાઓ આપીએ છીએ. પણ સંબંધોની ફરજ, જવાબદારીઓનું ભાન અને સારા સંસ્કાર આપવામાં ઊણપ રહી જાય છે. આપણે પણ આપણા સંબંધો ખોટા અહમના કારણે તોડીએ છીએ. સંબંધો કેવી રીતે સાચવવા એ પહેલા તો આપણે શીખવું જોઈએ. કારણકે આપણા સંતાનો યુવાન થાય ત્યાં સુધીમાં તો આપણે કેટલાય સંબંધોનું બાષ્પીભવન કરી દીધુ હોય છે.

આપણા સંબંધો એ આપણી આસપાસનું સુરક્ષાનુ એક વર્તુળ હોય છે. એ વર્તુળ આપણે આપણા ખોટા અહમના કારણે તોડી દઈએ છીએ. અને ઘડપણમાં એકલા પડી જઈએ છીએ. આપણા સંબંધોથી જ આપણા જીવનનાં સારા ખરાબ પ્રસંગો શોભે છે. માટે જ કહું છું કે સંસ્કાર વગરનું શિક્ષણ વ્યર્થ છે.

ભાવાર્થ : સંસારમાં કેમ રહેવું એ આ દુનિયાની કોઈપણ સ્કુલ કે કોલેજ શિખવાડતી નથી. ઘરના વાતાવરણથી જ સંતાનો માં સંસ્કારનું સિંચન થાય છે. સંતાનો રામ જેવા જોતા હોયતો પહેલા આપણે જ કૌશલ્યા અને દશરથ બનવું પડશે.

કાઉન્સલર શ્રુતિ આર. ધકાણ
૯૭૨૬૭૨૫૮૬૦

# અવસરને એકતા યજ્ઞ માં રૂપાંતર કરવા

## શ્રીમદ ભાગવત કથામાં પધારવા ભાવભર્યું જાહેર આમંત્રણ

અતિ આનંદ ની લાગણી સાથે જણાવવાનું કે કચ્છ જિલ્લામાં રાજા શાહી ના વખત માં આપણા જ્ઞાતિજનો દ્વારા તોરણ બાંધી વસાવેલી આપણી પોતીકી ભૂમિ એટલે કે સુખપર ટીંબો (સોનારા વાળી), તા. મુન્દ્રા કચ્છ. જે ગામ, આજથી ૮૫ વર્ષ પૂર્વે વિધર્મી અને આપણા ભાયાતો વચ્ચે સ્ત્રી માનહાનિ વિશે ધીંગાણું થતાં બને પક્ષે જાનહાનિ થઈ હતી. આપણા સાગર પરિવાર ના ભાઈઓ વીરગતિ પામેલા જેમના પાળિયા આજે પણ મોજૂદ છે. આ વીરગતિ પામેલ તેમજ તત્કાલીન સમય અન્ય વીરગતિ ને પામેલ આત્માઓ ની સદ્ગતિ અર્થે તેમજ સમગ્ર કચ્છ, કાઠિયાવાડ નો સોની સમાજ એકતા ના તાંતણે બંધાય અને સામજિક તેમજ કુટુંબીક વ્યવહાર અને સબંધો વધુ મજબૂત બને તેવા આશય થી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ માં આવવા ભાવભર્યું આમંત્રણ. આ એકતા યજ્ઞ માં હાજરી આપી જ્ઞાતિભાવ ને મજબૂત અને સંગઠિત કરવા  માં આપનું યોગદાન આપી ભાવિ પેઢી માટે મિશાલ એન્ડ દૃષ્ટાંત રૂપ બનો તેજ પ્રાર્થના.

## શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ

કાર્યક્રમઃ

કથા પ્રારંભઃ તા. ૧૬/૧૧/૨૦૨૨

કથા પૂર્ણાહુતિ :  તા. ૨૨/૧૧/૨૦૨૨

વક્તા : શ્રીમાન કશ્યપ ભાઈ શાસ્ત્રી મહારાજ

નારાયણ યજ્ઞ (હવન)

તા. ૨૩/૧૧/૨૦૨૨

આયોજકઃ

શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સમિતિ

સુખ પર ટીંબો (સોનારા વાળી)

તા. મુન્દ્રા , જિલ્લો ક્ચ્છ ભુજ


## કોમ્પ્યુટર સાક્ષરતા – સેવા યજ્ઞ અભિયાન

**સમાજ માટે રજુ કરે છે રાહત દરે કોમ્પ્યુટર સાક્ષરતા અભિયાન**

કોમ્પ્યુટર શીખવુ એ આજના સમયની એક અગત્યની જરૂરીયાત છે,
અને સ્વાવલંબી બનવા નો ઉત્તમ રસ્તો પણ. તમે કોમ્પ્યુટર શીખી કેરીયર નું ઘડતર કરી શકો.
એ હેતુ થી નીચે મુજબ રાહત દરે કોમ્પ્યુટર શિક્ષણ અભિયાન શરૂ કર્યું છે.

**Basic Computer Course - 2100/-  | Tally Prime - 5100/-**
**Desktop Publishing (DTP) - 5500/-**

વધુ માહિતી માટે સંપર્ક :

**બીનીતા કાગદડા શાહ - 9833293535**

| FOR DONATION FROM FOREIGN | | | |
|---|---|---|---|
| | **For USD** | **For USD** | **For GBP** |
| INTERMEDIARY | Bank of Baroda, | Bank of Baroda, | Bank of Baroda, |
| BANK | New York Branch | Brussels Branch | London Branch |
| SWIFT Code | BARBUS33 | BARBBEBB | BARBGB2L |

| | |
|---|---|
| Account with Institution | Bank of Baroda, Business Financial Services Branch, Kandivali, Mumbai |
| SWIFT Code | BARBINBBIBK |

| **Name with Address** | |
|---|---|
| Account Name | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society |
| Account Number | : 20260100023592 |

| **Bank Name** | **FOR DONATION IN INDIA** |
|---|---|
| **SBI Bank** | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| **UBI Bank** | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| **Kotak Bank** | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |

## પથરી (સ્ટોન) ની દવા

**સર્વ જ્ઞાતિજનોને જણાવવાનું કે જેમને પથરી (સ્ટોન) ની તકલીફ હોય એમને વિના મુલ્યે દવા આપવામાં આવશે.**

**સપર્ક : જીતુભાઈ સુરૂ**

**મોબાઈલ ૯૮૧૯૪૮૦૭૬૭ / ૯૯૬૦૪૬૨૬૬૪**



# N. H. Beauty Saloon

*Beautician : Rakhee Hitesh Satikuvar*

**✆ 99309 09411 / 79773 34312**

*Specialist in Bridal Make-up & Siders*

Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.

સફરમાં જેમ ડ્રાઈવર જાગૃત રહે છે તેમ જીવન સફરમાં આપો જાગૃત રહેવું.



# ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ

**(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)**

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ–૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

સમય અને સત્ય સાથે

# સ્વાભિમાન ભારત

આપણુ દેશ આપણું ગૌરવ

## સમાચાર પત્ર તંત્રી : ભરત કે. સતીકુમાર

**Mobile : 8080565050**

**YouTube Channel**

**SWABHIMAN BHARAT | PARAJIYA SONI SAMAJ**

**Website : www.swabhimanbharat.com**

## શ્રી કુળદેવી મોમાઈ માતાજી મઠ – બગસરા (ભાયાણી)

# નવરાત્રી મહોત્સવ – ૨૦૨૨

## ધકાણ પરિવાર

શ્રી રાજ રાજેશ્વરી શ્રી ધકાણ કુટુંબના કુળદેવી શ્રી મોમાઈ માતાજી મઢ–બગસરા યાદિ જણાવે છે કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ માતાજીના સાનિધ્યમાં નવરાત્રીની ધામધૂમ પૂર્વક ઉજવણી ઉજવીએ તથા નવમે નોરતે માઁ નો યજ્ઞ રાખેલ છે. તો સર્વેને ધકાણ પરિવારને લાભ લેવા આમંત્રણ છે.

નવરાત્રી પ્રારંભ તા. ૨૬/૯/૨૦૨૨ આસો સુદ એકમને સોમવારે થશે. માઁ ના નિવેદ આઠમ તા. ૩/૧૦/૨૦૨૨ ના બપોરે ૧૨ : ૦૦ કલાકે રાખેલ છે. તેમજ ૦૪ : ૦૦ કલાકે માઁ નો છપ્પન ભોગ રાખેલ છે. તા. ૪/૧૦/૨૦૨૨ ને મંગળવારે નવમા નોરતે માઁ નો યજ્ઞ છે. અને બીડુ હોમ, બપોરે ૪:૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તથા દરેક મહેમાનો માટે બપોરે ૧૨:૩૦ કલાકે પ્રસાદ તથા ફરાળની વ્યવસ્થા રાખેલ છે.

તો દરેક ધકાણ પરિવારને આ લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ છે.

**શુભ સ્થળઃ–**

**શ્રી મોમાઈ માતાજીનો મઠ, બગસરા**

**ફોન ૦૨૭૯૬ ૨૨૧૮૮૭**

**ટ્રસ્ટી. હસુભાઈ બાબુભાઈ ધકાણ – મો. ૯૯૭૯૪ ૫૪૬૦૦**



## શ્રી સમસ્ત સોની મહાજન સેવા ટ્રસ્ટ

શ્રી સમસ્ત સોની મહાજન સેવા ટ્રસ્ટ દ્વારા મુંબઈ અને આજુબાજુમાં વસતા આપણા સમાજના જરૂરિયાતમંદ વ્યક્તિઓ માટે દવા સહાય લગભગ છેલ્લા ૫૦ વર્ષથી અવરીત ચાલી રહી છે

**સમાજના અગ્રણી અને દાતા શ્રી બાબુભાઈ શામલદાસ ધાણક (સાવલી) હાલ મુંબઈ તરફથી મહાજન સેવા ટ્રસ્ટમાં રૂ. ૫,૦૦,૦૦૦ લાખની માતબર રકમ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી છે. સમસ્ત મહાજન સેવા ટ્રસ્ટ તેમનો આભાર વ્યક્ત કરે છે.**

આ સાથે દર મહિને ૧૦૦૦૦ ની માતબર રકમ આવતા ૧૨ મહિના સુધી આપવાની શરૂઆત કરનાર દાતાશ્રી ઓ

૧) સોની શ્રી મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા) હાલ મુંબઈ - રૂ. ૧૦,૦૦૦

૨) સોની શ્રી વિજયભાઈ હંસરાજભાઈ પટ્ટણી (ચર) હાલ મુંબઈ - રૂ. ૧૦,૦૦૦

3) સોની જયંતિભાઈ એમ. થડેશ્વર (ઘુઘરાવાળા) હાલ - મુંબઈ - રૂ. ૧૦,૦૦૦

આ સાથે દર મહિને ૧૦૦૦ની માતબર રકમ આવતા ૧૨ મહિના સુધી આપવાની શરૂઆત કરનાર દાતાશ્રી ઓ (૬ મહિનાના એક સાથે આપેલ છે)

૧. કોડીનાર હાલ દહીસર સમીરભાઈ ઈશ્વરભાઈ સાગર
૨. વિરડી હાલ કાંદીવલી મગનલાલ શ્રદેવરાજભાઈ સતીકુંવર
૩. હલેન્ડા હાલ દહીસર દિનેશભાઈ  નરોત્તમભાઈ ચલ્લા તથા રાજુભાઈ  નરોત્તમભાઈ ચલ્લા
૪. કુંકાવાવ હાલ કાંદીવલી જેંતીભાઈ પ્રભુદાસ થડેશ્વર
૫. લીલાપુર હાલ બોરીવલી ભરતભાઈ હમીરભાઈ ચલ્લા લીલાપુરવાળા
૬. બાબરા હાલ બોરીવલી મનોજભાઈ ધીરજલાલ ધકાણ તથા વિનુભાઈ ધીરજલાલ ધકાણ
૭. સત્તાપરવાળા હાલ દહીંસર અશોકભાઈ નાથાલાલ ધાણક
૮. ગઢડા હાલ બોરીવલી દિલીપભાઈ વજુભાઈ ધકાણ
૯. દ્વારકાવાળા હાલ દહીંસર કમલેશભાઈ કાળીદાસ ઘઘડા
૧૦. પરવડીવાળા હાલ કાંદીવલી ચંદુભાઈ ગોવિંદભાઈ જગડા

દર મહિને આવતા ૧૨ મહિના સુધી ૧૦,૦૦૦ની માતબર રકમ આપવાની શરૂઆત કરનાર....

# જુની પ્રીત

ગામમાં મામીને ઘરે પહોચતા સાંજ થઈ ગયેલ. મામી પહેલાતો ઓળખી ન શકયા. એક તો અંધારૂ થઈ ગયેલ અને બીજી બાજુ મામીની ઉંમર થઈ ગયેલ હોવાથી આંખો નબળી થઈ ગયેલ. પણ મનહરે ઓળખાણ આપતા મામી ઓળખી ગયા. મામી રાજી રાજી થઈ ગયા.

મુંબઈથી રવાના તો પ્લેનમાં થયેલ પણ ગામ નાનું એરપાર્ટ દૂર હતુ. મનહર આટલા વર્ષે લગભગ પાત્રીસ વર્ષે ગામમાં આવેલ. ગામમાં ઘણો ફેરફાર થઈ ગયો હતો પણ મનહરને કશીજ તકલીફ ન પડી મામીનું ઘર શોધતા.

મામી જલ્દી જલ્દી રસોડામાં જઈ ચા બનાવવા માંડયા. ચા પીતા પીતા વાતો થતી રહી. ચા પીધા બાદ મામીએ પૂછયુ " બેટા તારે શું જમવાની ઈચ્છા છે, તને ભાવતુ હોય તે બનાવુ "

" મામી તમો અત્યારે વ્યાધિ નહી કરો , અત્યારે તમારે કશું જ બનાવવાનું નથી. આપણે બહારથી મંગાવી લઈશુ. બસ તમો મારી પાસે બેસો અને જુની જુની વાતો કરો "

" ના મારા દીકરા, આટલા વર્ષે તુ આવ્યો છે તો તને બહારનું થોડુ ખવડાવાય. તુ કહે તે બનાવી આપુ, મને તકલીફ નહી પડે " મામીએ આગ્રહ કર્યો.

" મામી તમારે અત્યારે કશું જ બનાવવાનું નથી. આપણે આવતી કાલે ઘરે જ બનાવેલુ ખાસુ અને એ પણ મીસ્ટાન સાથે !"

" તો ઠીક, પણ તુ આટલા વર્ષે આવ્યો છે તો રોકાવાનો તો છે ને?" મામી એ સવાલ કર્યો.

" એમ તો મારે બે ત્રણ દિવસ રોકાવાનું થશે પણ પછી ખબર નહી, કદાચ બે ચાર દિવસ રોકાવાનુ પણ થઈ જાય".

" કશો વાંધો નહિ, આ તારુ જ ઘર છે, આટલા વર્ષે આવ્યો તો રહેવુ તો જોઈએ જ ને " કહી મામી શાંત થઈ ગયા.

સવારે ઉઠી નાહી ધોઈ પરવારી મામીને કહે "મામી તમો ચા બનાવો , હું બજારમાં જઈ જલેબી ગાંઠીયા લઈ આવુ" કહી મનહર ઘરની બહાર નીકળી ગયો.

" ચા નાસ્તો કરતા કરતા ઘણી વાતો થતી રહી, થોડીવાર આરામથી બેસી જુની જુની વાતો થતી રહી, અચાનક મે મામીને પૂછી લીધું

" મામી નયના કેમ છે? કયા રહે છે ? જો કે પહેલા રહતી હતી તે મકાનની તો મને ખબર છે !"

" કોણ નયના ?"

" આ બાજુની ગલ્લીમાં તેઓ રહેતા હતા, મા-દીકરી બે જ હતા, માતાનું નામ નર્મદાબેન"

"ઓ .....એ નયના, એ હજુ પણ ત્યાં જ રહે છે. તેઓનું પોતાનુ જ મકાન છે. નર્મદા તો ગુજરી ગઈ છે. નયના એકલી જ છે" મામી એ જવાબ આપતા કહયુ.

" ભલે તુ હુ એને મળી આવુ ! "

" હા.... તુ જઈ આવ, હું રસોઈની તૈયારી કરી લઉ."

મનહર નયનાને મળવા જવા નીકળયો, તેને તો નયનાના ઘરની ખબર હતી, તે જયારે અહીયા રહેતો હતો ત્યારે ઘણીવાર તેના ઘરે જતો. એટલે આજે જલ્દી પહોચી ગયો. ઘરનો દરવાજો ખખડાવ્યો. થોડીવારે દરવાજો ખુલ્યો. સામે નયના હતી, મનહર તો નયનાને જોતો જ રહયો. એ જ નયના. તેને ગમતી નયના મોટી મોટી આંખો વાળી નયના. જેની પાસે લગ્નનો પ્રસ્તાવ મુકયો હતો એ જ નયના.

મનહરને આમ અચાનક સામે ઉભેલો જોઈ નયના અવાક થઈ ગઈ. કશુંજ બોલી ન શકી. સ્વસ્થ થતા ઘણીવાર થઈ. આખરે સ્વસ્થ થઈ બોલી, મને માફ કરજો, આટલા વર્ષે તમને જોયા એટલે માનવામા ન હતુ આવતુ કે તમો આમ અચાનક મારી સામે આવશો.

" કઈજ હરકત નહી. હું પણ તને જોઈ બે ઘડી અસ્વસ્થ થઈ ગયેલ કેમકે આપણે ઘણા વર્ષો બાદ એકબીજાને મળયા !"

" આવો આવો અંદર આવો, તમને આવકારવાનું પણ હું ભૂલી જ ગઈ." કહી નયનાએ મનહરને આવકાર્યો અને ઘરની અંદર લઈ ગઈ.

અંદર જતા સીટીંગ રૂમ જોઈ જોતો જ રહી

# જુની પ્રીત

ગયો. સુંદર મજાનો સીટીંગ રૂમ. દરેક વસ્તુ સરસ રીતે ગોઠવેલી હતી. અને સ્વચ્છ પણ. સામસામે બે સોફા વચ્ચે નાનો ટી ટેબલ અને એની ઉમર ફુલદાની, દિવાલ ઉપર સુંદર રીતે લગાડેલા ફોટા. મનહર આ બધુ જોઈ ખુશ થઈ ગયો.

મનહરે સોફા ઉપર બેઠક લીધી, સામેના સોફા ઉપર નયના બેઠી. તે શાન્ત હતી કશુ જ બોલી શકતી ન હતી. શું બોલવુ તે જ નયનાને સમજાતું ન હતું. મનહર પણ ચુપ હતો. આખરે તેણે જ શરૂઆત કરી.

" નયના, તારા મમ્મીના દુ:ખદ સમાચાર મારા મામીએ જણાવ્યા, તેનુ મને ઘણુ જ દુ:ખ થયુ."

" હા ! મારા મમ્મીને ગુજરી ગયેલ પાચેક વરસ થઈ ગયા. તેના અવસાન બાદ હુ સાવ એકલી પડી ગઈ છું."

" તે લગ્ન કર્યા છે કે નહિ?" મનહરે સીધુ જ પૂછી લીધુ.

" હા ! કરેલ, પણ મારા પતિ લગ્ન બાદ બે વરસમાં મને એકલી મુકી કયાંક ચાલ્યા ગયા. કશો જ પતો નથી કે કયાં ગયા, શા માટે છોડી ગયા મને કઈજ ખબર નથી "

તો તુ ઘર કેવી રીતે ચલાવે છે? આવકમાં શુ છે?

" ઘર ખર્ચની તો ઉપાધિ નથી. તમને તો ખબર હશે કે હું શિક્ષિકા હતી. અત્યારે નિવૃત છુ. પેન્શન આવે છે. તેમાં મારૂ જીવન ગુજારુ છુ."

" તમારે કેમ છે? તમારે સંતાન માં શું છે?"

" હું પણ એકલો જ છુ. લગ્ન કરેલ પણ પત્ની એક કાર અકસ્માતમાં ચાલી ગઈ. ત્રણેક વરસ સંસાર ચાલ્યો. મારે સંતાનમાં કશુ જ નથી. અને મારા માતા પિતા પણ જીવંત નથી. અત્યારે હું સાવ એકલો જ છું" મનહરે ગંભીર થઈ કહયું.

" મને ઘણુ જ દુ:ખ થયુ, તમારી વાતથી. તમારુ લગ્ન જીવન મારી માફક છે. સંસાર છે આમ જ જીવન છે. " વિધી આગળ આપણુ કઈજ ચાલતુ નથી " નયના નિસાસો નાખતા બોલી "

ત્યારબાદ ઘણી વાતો થતી રહી. આટલા વરસ કેવી રીતે પસાર કર્યા. વાત માંથી મનહરે જાણ્યુ કે નયનાએ ઘણુ જ દુ:ખ સહન કર્યુ છે. મમ્મીના મૃત્યુ પછી આગળ પાછળ કોઈજ નહી. નયનાએ સાવ એકલીજ આટલા વર્ષો દુ:ખી થઈને કાઢયા છે. દુનિયાની નજરથી બચવાનું, આ સર્વે દુ:ખભરી વાત નયનાએ રડતા રડતા મનહરને જણાવી.

" નયના હવે તુ ચિન્તા નહી કર હું તને કોઈ વાતે દુ:ખી નહી થવા દઉ "

" પણ કેવી રીતે, તમે થોડા હમેશાં અહી રહેવાના છો?"

" તારી વાત સાચી, હું કાયમ માટે અહીંયા રોકાવાનો નથી. તારે ઈચ્છા હશે તો તને પણ અહીયા એકલી રહેવા નહી દઉં."

" મતલબ", "નયના એકદમ બોલી "

" મતલબ", "આપણે એક થઈ જઈએ "

" ના....ના ", "એ ન બની શકે, આટલી ઉંમરે આપણે કઈ રીતે સાથે રહી શકીએ ?"

" લગ્ન કરીને."

" ઓહ માય ગોડ ! શું વાત કરો છો, દુનિયા શું કહેશે ?"

" દુનિયા ને જે સમજવુ હોય તે સમજે, તારી ઈચ્છા હોય તો દુનિયા થી શું ડરવાનુ ! મનહરે હિંમત આપતા કહયુ."

" પણ આપણી ઉંમર તો જુઓ "

" એની સામે તુ નહી જો, હું તો તૈયાર છુ." તારૂ દિલ શું કહે છે?

" દિલ શું કહે ! આપણે મનથી વિચારવાનું."

" ના એમ નહી, હું અહીયા બે ત્રણ દિવસ રોકાવાનો છુ, આટલા વખતમાં તુ વિચારી લેજે અને થઈ શકે તો મને હકારાત્મક જવાબ આપજે. મનહર ઉતાવળે બાઅલ્યો.

" આટલા ટુંકા સમયમાં " ! નયના ચિન્તામાં પડી ગઈ.

" તારે કયા કોઈને પૂછવા જવાનુ છે, તારે તો તારી જાતને જ પૂછવાનું છે, તુ તારી જાતને પૂછી લેજે, તારે આવીજ રીતે જીંદગી કાઢવી છે કે પછી આગળ વધવુ છે "

" ઠીક છે, હું વિચારીને તમને કહું છુ " નયના આટલુ કહી ચુપ થઈ ગઈ.

વધુ આવતા અંકમાં ....

શ્રી ગણેશાય નમઃ

શ્રી નવદુર્ગા માતા નમઃ

# નવરાત્રી મહોત્સવ ૨૦૨૨

## જાહેર આમંત્રણ

જે ફક્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ માટે નિઃશુલ્ક એન્ટ્રી પાસ રાખવામાં આવ્યો છે.

**સ્થળ : અક્ષર પાર્ટી પ્લોટ, સિનર્જી હોસ્પિટલ પાસે, ૧૫૦ ફીટ રીંગ રોડ, રાજકોટ**

પરજીયા પટ્ટણી સોની સોશ્યલ ગ્રુપ - રાજકોટ
શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ,

સર્વે જ્ઞાતિજનોને જય ભારત સાથ જણાવવાનું કે, સૌરાષ્ટ્રનું કેન્દ્ર, રાજકોટ મુકામે #PPS ગ્રુપ દ્વારા માતાજીની આરાધના રૂપી નવરાત્રી મહોત્સવ ૨૦૨૨ તાઃ ૨૬/૦૯/૨૦૨૨ થી ૦૫/૧૦/૨૦૨૨, સંવત ૨૦૭૮ આસુ સુદ ૧ થી આસુ સુદ ૧૦ દશેરા નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

પરજીયા પટ્ટણી સોની સોશ્યલ ગ્રુપ નો હેતુ એટલો જ છે કે આપણા જ્ઞાતિ ના દરેક સભ્યો, દિકરીઓ, બહેનો કે માતાઓ એક સ્થળે પરિવાર સાથે મળીને માતાજી ના નવ દિવસ, રાસ ગરબા રમવાનો આનંદ માણી શકે.

ગ્રુપ દ્વારા અગાઉ ૨(બે) વર્ષે, ૨૦૧૮ અને ૨૦૧૯ ની સાલમાં સફળતા પૂર્વક નવરાત્રી ની ઉજવણી કરી હતી અને બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો પરિવાર સાથે જોડાયા હતા.

અમારા (#PPS ગ્રુપ) દ્વારા આપણી જ્ઞાતિ માટે કંઈ કરવાનો અને એક મંચ પર સાથે જોડવાનો એક પ્રયાસ છે.



વધુ વિગત માટે અમારા કમિટી મેમ્બર્સ નો સંપર્ક કરી શકો છો

શ્રી કુમારભાઈ જે. ધાણક
મો નંઃ ૯૧૮૦૦૦૮૧૪૪૪૮
શ્રી શૈલેષભાઈ બી. પટ્ટણી
મો નંઃ ૯૧ ૯૯૯૮૯ ૯૮૯૮૩
શ્રી મહેશભાઈ આર. ધોરડા
મો નંઃ ૯૧ ૯૯૭૮૬ ૯૯૭૨૨
શ્રી ભરતભાઈ જે. સાગર
મો નંઃ ૯૧ ૯૦૯૯૬ ૧૨૩૩૩
શ્રી મહેશભાઈ વી. ઘઘડા
મો નંઃ ૯૧ ૯૮૨૪૦ ૩૧૫૧૮

પરજીયા પટ્ટણી સોની સોશ્યલ ગ્રુપ - રાજકોટ કમિટી મેમ્બર્સ ના,
જય જ્ઞાતિ મૈયા... જય માતાજી... જય શ્રી કૃષ્ણ... જય સ્વામિનારાયણ.

અમૃત પીધું પણ અમર ન થય, પીવાની રીત-ન જાણી, 'કાં પેટમં ગયું નહીં ને કાં ગયું લે પાણી !

# શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી
# તા. ૦૧–૦૮–૨૦૨૨ થી ૩૧–૦૮–૨૦૨૨
# સુધી આવેલ ભેટની યાદી

**શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ) એજયુકેશન ફંડ**

૨૧૦૦=૦૦ તળાજાવાળા હાલ કાંદીવલી સોની ગીતાબેન વિજયકુમાર ઘોરડા તરફથી સ્વ. મનુભાઈ જીવાભાઈ સુરૂની ઉત્ત ારક્રિયા નિમિત્તે દોઈતરના શિક્ષણ સહાય ફંડમાં અર્પણ

૧૧,૧૧૧=૦૦ વીંછીયાવાળા હાલ બોરીવલી સોની ભુપતભાઈ રતીલાલ થડેશ્વર તરફથી તેમના પ.પૂ. મોટાભાઈ સ્વ. હસમુખભાઈ રતીલાલ થડેશ્વરના પુણ્ય સ્મરણાર્થે અર્પણ

૫૦૦=૦૦ ભાવનગરવાળા હાલ અમદાવાદ સોની તુષારભાઈ સુભાષભાઈ સતીકુંવર તરફથી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં ખુશી ભેટ

**સ્વ. રતીલાલ કરસનભાઈ ધકાણ સરસઈવાળા (દુબઈ) આર્થિક સહાય ફંડ**

૧૦૦૧=૦૦ અમરેલીવાળા હાલ મુંબઈ સોની જયશ્રીબેન વિરેન્દ્રભાઈ સતીંકુંવર તરફથી સંસ્થાને દોઈતરના

૫૦૦=૦૦ દાઠાવાળા હાલ બોરીવલી સોની વિજયભાઈ વિઠ્ઠલભાઈ ચોકસી (સુરૂ) તરફથી સ્વ. ઉર્મીલાબેન વિઠ્ઠલદાસ ચોકસી (સુરૂ) ની પ્રાર્થના સભા નિમિત્તે સંસ્થાાને અર્પણ

**સ્વ. સોની મગનભાઈ લાખાભાઈ ઘોરડા (બગસરા) સ્વ. સોની વિજયાબેન (વલુબેન) મગનભાઈ ઘોરડા (હેન્ડીકેપ) વિકલાંગ સહાય ફંડ**

૫૦૧=૦૦ બગસરાવાળા હાલ સાંતાક્રુઝ સોની વલ્લભભાઈ મગનભાઈ ઘોરડા તરફથી તેમના પ.પૂ. માતાજીની પુણ્યતિથી, નિમિત્તે સોનીવાડી સંસ્થાને “હેન્ડીકેપ સહાય” ફંડમાં અર્પણ

૨૦૧=૦૦ બગસરાવાળા હાલ રાજકોટ સોની ભનુભાઈ કાનજીભાઈ ઘોરડા નરફથી સંસ્થાને ખુશીભેટ હસ્તે શ્રી ભાવેશભાઈ બી. ઘોરડા

૨૫૦=૦૦ શ્રી દિપકભાઈ સાગર તરફથી સંસ્થાને ખુશીભેટ

૯૦૦=૦૦ એક જ્ઞાતિભાઈ તરફથી

૭૦૦=૦૦ શ્રી યોગેશભાઈ કાંતીલાલ ધકાણ તરફથી હેન્ડીકેપ સહાય ફંડમાં ખુશીભેટ

**મેડીકલ સહાય ફંડ**

૫૧૦૦=૦૦ દાઠાવાળા હાલ કાંદીવલી સોની મહેન્દ્રભી મનુભાઈ સુરૂ તથા ભાવેશભાઈ મનુભાઈ સુરૂ તરફથી તેમના પ.પૂ. પિતાશ્રી સ્વ. મનુભાઈ જીવાભાઈ સુરૂની ઉત્તરક્રિયા નિમિત્તે મેડીકલ સહાય ફંડ

પોતાની બીજા હલકા છે એવા વિચારવાળો માનવી દયાને પાત્ર છે.



ઉષા જયેશ ધકાન

# શ્રી હરી કલેકશન

સમય : સવારે ૧૦.૩૦ થી રાત્રે ૯.૦૦સુધી

બાંધણી સ્પેશીયલ



ઉત્તમ પ્રકારની બાંધણી સહિત ડ્રેસ મટીરિયલ, કુર્તી મટીરિયલ માટેનું વિશ્વસનીય સ્થળ
નવરાત્રી અને દિવાળી નિમિત્તે વિશેષ છૂટ .... આજે જ પધારો .....

સ્થળ : ૫, નિકિતા સી.એચ. એસ. લિમીટેડ, હરિશંકર જોષી રોડ, મધુરમ હૉલ પાસે, દહિસર (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૬૮. +91 98671 01734 | E mail: shree_hari_collection

## કંકાવટી પરિણય કેન્દ્ર

એકમાત્ર સ્વતંત્ર, એકપણ રૂપિયો લીધા વગર નિઃસ્વાર્થ ભાવે દીકરી-દિકરાના પરિણય માટે મેળાપ કરાવતું કેન્દ્ર. (ફક્ત પરજીયા સોની માટે) ખાસ નોંધ : દીકરી માટે ખાસ પ્રાધાન્ય આપવામાં આવે છે અને દીકરીની માહિતી ગુપ્ત રાખવામાં આવે છે. દિપકભાઈ લક્ષ્મીદાસભાઈ ચોકસી (ધાણક) ભાવનગરવાળા.

શનિવાર - સાંજે ૫ થી ૭ સોનીવાડી,
બોરીવલી (પ), મુંબઈ-૯૨.
મો.: ૯૩૨૪૪ ૪૮૫૨૫
E-mail : kankavati2014@gmail.com

## ક્રિષ્ના મ્યુઝીકલ ઈવેન્ટસ

લગ્ન ગીત, સંગીત સંધ્યા, ઓરકેસ્ટ્રા,
ડાયરો, હિન્દી મ્યુઝીકલ પ્રોગ્રામ

લગ્ન ના સંગીત મા **D. J.** અને
પ્રાર્થના સભામાં પ્રોફેશનલ ગાયકો
વાદકો દવારા આપના
પ્રસંગને સંગીતમય બનાવવા

સંપર્ક
એંકર, ઓર્ગેનાઈઝર, સીંગર
રાજુભાઈ સોનેજી - બોરીવલી - મુંબઈ

**Mobile No.: 99873 26689**
**What'sup No.: 87795 81274**

MAY-OCT-2022


# ડી. કે. એસી હૉલ (સોનીવાડી)

એસી હૉલ – ૩૫૦-૪૫૦ મહેમાનો માટે*

શુધ્ધ શાકાહારી*

ઓપન કેટરર્સ *





(* શરતો લાગુ)

## બોરીવલી-સોનીવાડીમાં

આધુનિક સુવિધા ધરાવતા

## ડિલક્સ AC રૂમો

૨-બેડ

૩-બેડ

૫-બેડ





'સોનીવાડી'
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૯૨.
ફોન : ૨૮૯૮ ૩૯૦૫/૨૮૯૯ ૯૦૯૭
Email : sonisandesh1@gmail.com
Website : www.mumbaiparajiyasoni.org

# " ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી "



અ.સૌ. ઉષાબેન કિશોરભાઈ કાગદડા (ચોકસી) (ઉ-૭૧)
જેતપુરવાળા હાલ બાહરીન નિવાસી
અવસાન - શ્રાવણ સુદ ૧૦ તા. ૨૧/૦૮/૨૦૨૨ રવિવાર

પતિ : શ્રી કિશોરભાઈ લક્ષ્મણભાઈ કાગદડા (ચોકસી)

સદ્ગતની પવિત્ર આત્માને
પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે

◆ : શ્રધ્ધા સુમન : ◆

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી
સુવર્ણ ચેરીટેબલ ટ્રસ્ટ- મુંબઈ

# શ્રદ્ધાંજલી



જન્મ તારીખ
૨૯-૦૩-૧૯૫૫

સ્વર્ગસ્થ તારીખ
૨૮-૦૬-૨૦૨૨

સ્વ. હસમુખભાઇ રતિલાલ થડેશ્વર (વિંછીયા) હાલ બોરીવલી

વિ.સં. ૨૦૭૮ જેઠવદ અમાસ મંગળવાર

પરિવાર માટે સદૈવ પ્રેરક બની રહયા એવું જીવન જીવી ગયા
આપના પ્રેમ અને હુંફથી સિંચીત અમારા પરિવારમાં
આપની ખોટ કયારેય નહી ભુલાય
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

પત્ની : સ્વ. વીણાબેન હસમુખભાઇ થડેશ્વર
ભાઇ : ભુપતભાઇ રતિલાલ થડેશ્વર - ભાભી : રીટાબેન ભુપતભાઇ થડેશ્વર
બહેન : રેખાબેન નરેન્દ્રકુમાર સતીંકુવર
પુત્ર : તેજસ - પુત્રવધુ : નીશા
દીકરી - જમાઇ : તેજલબેન રાજેશકુમાર ચલ્લા
પૌત્ર : ઓમ - પૌત્રી : ત્વીશા
દોહીત્રી : મહેક અને જીલ - વંશીતા, પ્રેમ અને વિધાન ના નાના

ભત્રીજા અને ભત્રીજી

નિકુંજ ભુપત થડેશ્વર - ભાવિની નિકુંજ થડેશ્વર
પાયલ રાજીવ સાગર
ચાર્મી આશીષ ધોરડા

**થડેશ્વર પરિવારના જય શ્રી કૃષ્ણ**

PARAJIA SONI SANDESH (Monthly) • SEPT. 2022 • R.N.I. No. MAHGUJ/2008/26726 • Postal Regn.No. MNW/85/2022-2024
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting 20th of every month

॥ જય શ્રી મોંમાઈ મા ॥

# ‘સોની સંદેશ’ નિભાવ ફંડના સહયોગી દાતા





## સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
## સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા) ના પુણ્ય સ્મરણાર્થે



હસ્તે

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :
**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી**
સંચાલિત
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૯૨. ફોન : ૨૮૯૮ ૩૯૦૫ / ૨૮૯૯ ૯૦૯૭

TO,

Navkar Computers : M: 9833394936